## 1. માનવીની તૃતીયક પ્રવૃત્તિમાં સેવાઓના મુખ્ય વિભાગો જણાવો. (March 19)

- માનવીની તૃતીયક પ્રવૃત્તિમાં સેવાઓના મુખ્ય વિભાગો નીચે પ્રમાણે છે :

  1. વ્યાપારવિષયક સેવાઓ : જથ્થાબંધ અને છૂટક વ્યાપાર, સૌંદર્યપ્રસાધનો દ્વારા અપાતી સેવાઓ, સમારકામને લગતી સેવાઓ.

  2. પરિવહન સેવાઓ : રેલવે, જહાજ, વિમાની સેવાઓ.

  3. સંચાર સેવાઓ : મોબાઈલ, ઈન્ટરનેટ, ટેલિફોન, રેડિયો, દૂરદર્શન, ટપાલ, સમાચારપત્રો વગેરે દ્વારા શબ્દો, સંદેશા અને વિચારોની આપલે થાય છે. ઈન્ટરનેટના કારણે સંચાર સેવાઓમાં ક્રાંતિ થઈ છે.

  4. મનોરંજન સેવાઓ : ફિલ્મો, દૂરદર્શન, રેડિયો, નાટક, ભવાઈ, બહુરૂપી, સાહિત્ય, સંગીત વગેરે મનોરંજન સેવાઓ પૂરી પાડે છે. વર્તમાનમાં પ્રવાસ, પર્યટનો, દૂરદર્શન અને ઈન્ટરનેટ મનોરંજનનાં મુખ્ય માધ્યમો બન્યાં છે.

  5. વાણિજ્ય સેવાઓ : જાહેર ખબરો, કાયદાકીય સલાહ, જનસંપર્ક સેવાઓ, બૅંકોની સેવાઓ, પ્રશિક્ષણને લગતી સેવાઓ વગેરે.

  6. સ્વાચ્ય અને શિક્ષણ સેવાઓ : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, રાજ્ય સરકારો, કેન્દ્ર સરકાર, શાળાઓ, મહાશાળાઓ, વિશ્વવિદ્યાલયો, 'દવાખાનાં, આરોગ્ય કેન્દ્રો, હૉસ્પિટલો વગેરે દ્વારા અપાતી સેવાઓ.

  7. સમાજ કલ્યાણ સેવાઓ : મહિલામંડળો, જ્ઞાતિનાં સંગઠનો, યુવામંડળો, સરકારી અનુદાન ન લેતી સંસ્થાઓ વગેરે સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા બાળચિકિત્સા, બેટી બચાવો, પાણી બચાવો, પર્યાવરણ જાળવો, સ્ત્રી સશક્તીકરણ, મહિલાઓનો મોભો વગેરે પ્રકારની ઝુંબેશો ચલાવી સમાજ કલ્યાણની સેવાઓ આપે છે.

  8. નાણાકીય બચતો માટેની સેવાઓ : જાહેરક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રની બૅંકો, વીમાકંપનીઓ, ટપાલ કચેરીઓ દ્વારા આ પ્રકારની સેવાઓ અપાય છે.

## 2. માનવીની ચતુર્થક પ્રવૃત્તિનો અર્થ દર્શાવી, તેની પ્રવૃત્તિઓ સમજાવો.

- ચતુર્થક પ્રવૃત્તિઓમાં માનવીની વિશિષ્ટ પ્રકારની સેવાઓનો સમાવેશ થાય છે. 'ચતુર્થક' શબ્દનું તાત્પર્ય એ છે કે તેનો સંબંધ ઉચ્ચ બૌદ્ધિક વ્યવસાયો સાથે છે. જેનું કાર્ય ચિંતન, સંશોધન અને વિકાસ માટે નવા વિચારો આપવાનું છે. વિશ્વના વધુ વિકસિત દેશોના થોડાક લોકો ચતુર્થક પ્રવૃત્તિઓમાં લાગેલા છે, પરંતુ તે સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આ પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકોની વિશિષ્ટતા એ છે કે તેઓ ઊંચું વેતન અને ઊંચી પદવી પ્રાપ્ત કરવા ખૂબ જ ગતિશીલ રહે છે.
- વધુ વેતનવાળી નોકરી કોઈને કોઈ સ્વરૂપે માહિતીસંગ્રહ પ્રક્રિયા અને પ્રસારણથી જોડાયેલી હોય છે. કયૂટરના કારણે આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોની કાર્યક્ષમતામાં ખૂબ વધારો થવા પામ્યો છે. પ્રવૃત્તિઓ ચતુર્થક પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે :

  (1) વિશિષ્ટ જ્ઞાન પર આધારિત ઉદ્યોગો. (2) વિશિષ્ટ પ્રકારનાં સંશોધનો અને તેનો સતત વિકાસ. (3) ઉચ્ચ પ્રકારની રાજકીય વહીવટી સેવાઓ. (4) માહિતીનું ઉત્પાદન, પ્રસારણ અને માહિતી આધારિત સેવાઓ. (5) ઈન્ફર્મેશન ટેક્નોલૉજી. (6) વિવિધ પ્રકારનાં ક્ષેત્રો માટે સોફ્ટવેરનું નિર્માણ. (7) જીનેટિક એન્જિનિયરિંગ. (8) ચિકિત્સા, પરિવહન, સ્વાસ્ય, માહિતીસંસાધન, સંદેશવ્યવહારમાં ટેકનોલોજી પર આધારિત પરિવર્તન પ્રક્રિયા. (9) માહિતી ઉત્પાદકો અને પ્રસારણ સાથે સંકળાયેલા માનવસંસાધન માટે શિક્ષણ અને તાલીમ, (10) ઈન્ટરનેટ

સેવાઓની વિશેષ પ્રવૃત્તિઓ. (11) ઇલેક્ટ્રોનિક્સ માધ્યમોને લગતી સંશોધન પ્રવૃત્તિઓ. (12) વિવિધ ક્ષેત્રોમાં સંશોધનો અને વિકાસ આધારિત સેવાઓ.

### 3. માનવીની પંચમ પ્રવૃત્તિનાં લક્ષણો ચર્ચો.

- માનવીની પંચમ પ્રવૃત્તિનાં લક્ષણો નીચે પ્રમાણે છે : પંચમ પ્રવૃત્તિઓ વિશેષ પ્રકારની ઉચ્ચ સ્તરીય સેવાઓ છે. અતિ સૂક્ષ્મ માનસિક શક્તિ અને કલ્પનાતીત કૌશલ્ય શક્તિ છે. આ સેવા માટે મહત્ત્વપૂર્ણ છે. આ સેવાથી ઉન્નત અર્થવ્યવસ્થાઓ સ્થાપી શકાય છે.
- વર્તમાન સાથે જોડાયેલા વિચારો કે વિચારધારા આપવી, તેમનું પુનઃગઠન અને વ્યાખ્યા કરવી, આંકડાઓની વ્યાખ્યા કરવી, નવા પ્રયોગો, નવીનતમ પ્રૌદ્યોગિકી, અતિ આધુનિક સંશોધનકાર્યો, નૂતન દષ્ટિકોણથી કોઈ પણ પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવું વગેરે પંચમ પ્રકારની પ્રવૃત્તિઓ છે. વરિષ્ઠ વ્યાવસાયિકો, ઊંચા પ્રકારનો હોદો ધરાવતા સરકારી અધિકારીઓ, સંશોધનકાર્યો સાથે જોડાયેલા સંશોધકો, આર્થિક, રાજકીય કે નીતિવિષયક સલાહકારી, પોતાના ક્ષેત્રના સફળ નિષ્ણાતો, સુક્ષ નિર્ણય નિધરિકો, વિવિધ ક્ષેત્રના સલાહકારો વગેરે પંચમ પ્રકારની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.
- કેટલાક શાનઆધારિત ઉદ્યોગો પંચમ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. પંચમ પ્રકારની પ્રવૃત્તિ સાથે જોડાયેલા ખૂબ જ ઊંચું વેતન પ્રાપ્ત કરે છે. પંચમ પ્રવૃત્તિના કારણે નવા પ્રકારના ઉદ્યોગો સ્થપાઈ રહ્યા છે, સામાજિક સંગઠનોની તરાહ બદલાઈ રહી છે અને નવાં રાજકીય સમીકરણો ઊભાં થયાં છે.

### 4. "ઇન્ફર્મેશન ટેકનોલૉજી" સમજાવો. (March 19)

- ઇન્ફર્મેશન ટેકનોલૉજી એટલે માહિતીનાં સંયોજન, પ્રોસેસિંગ, માહિતીનો મોટા પાયે સંગ્રહ અને પ્રસારણમાં સહાયભૂત થતાં સાધનો. તે ઘણા પ્રકારની તકનિકીનું સંયુક્ત સ્વરૂપ છે. તેમાં સૂથમ ઇલેક્ટ્રોનિક્સ, કયૂટરનાં હાર્ડવેર અને સૉફ્ટવેર, સંદેશાવ્યવહાર, પ્રસારણ અને ઑપ્ટિક ઇલેક્ટ્રોનિક્સ વગેરેનો સમાવેશ થાય છે. ઇન્ફર્મેશન ટેકનોલૉજીનાં લક્ષણો તેની ઉત્પાદનપ્રક્રિયામાં જ્ઞાન, માહિતી અને પ્રત્યાયન અગત્યનાં છે. આઈ.ટી. સંદર્ભે ઘણા વિકસિત ઉદ્યોગગૃહોનું એક સંકુલ તે સિલિકોન વેલી કહેવાય છે.
- આઈ.ટી.ના ઉપયોગથી જીનેટિક એન્જિનિયરિંગના નવા ક્ષેત્રનો વિકાસ થયો છે. આ તકનિકીનો ઉપયોગ વ્યાપાર, ચિકિત્સા, પરિવહન, અંતરિક્ષ વિજ્ઞાન, શિક્ષણ, ઉદ્યોગો, બૅંકો, સરકારી કચેરીઓ વગેરે ક્ષેત્રોમાં થઈ રહ્યો છે. માહિતીસંસાધન અને સંદેશાવ્યવહાર એ તકનિકી પરિવર્તનનું કેન્દ્રબિંદુ છે. આઈ.ટી.ના વિકાસના આધારે પર્સનલ કમ્પુટર્સ, ઇન્ટરનેટ અને સેલ્યુલર ફોનનો આવિષ્કાર થયો છે. આ પ્રકારની પ્રણાલીના આગમનને કારણે યંત્રવિષયક તકનિકીમાં ધરમૂળથી ફેરફારો થઈ રહ્યા છે. તેના કારણે વર્તમાન આર્થિક પ્રવૃત્તિ મુખ્યત્વે અપ્રત્યક્ષ ઉત્પાદનોથી પ્રભાવિત છે. ઇન્ટરનેટના કારણે માહિતીનું પ્રસારણ ખૂબ જ સરળ અને ઝડપી બની ગયું છે.'

5. માનવીની તૃતીયક પ્રવૃત્તિમાં સેવાઓની માહિતી આપો.

➢ માનવીને આપી શકાય તેવી સેવાઓને 'તૃતીયક પ્રકારની સેવાઓ' કહે છે. વિકાસશીલ દેશોમાં પણ ઉત્પાદનક્ષેત્રોની તુલનામાં સેવાક્ષેત્રોનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. આ પ્રકારની સેવાઓનાં લક્ષણો નીચે પ્રમાણે છે:

(1) આ સેવાઓ સ્વાસ્થ, કલ્યાણ, શિક્ષણ, અવકાશ, મનોરંજન, વ્યાપાર, પરિવહન, દૂરસંચાર અને વાણિજ્ય સાથે સંકળાયેલી છે,

(2) રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે આ સેવા મહત્વની છે.

(3) વાણિજ્યની સેવાઓ કંપનીઓની ઉત્પાદકતા અને ક્ષમતામાં વધારો કરે છે,

(4) જ્યાં વિકસિત અર્થવ્યવસ્થા છે ત્યાં સેવા પર આધારિત પ્રવૃત્તિઓની માંગ વધુ હોય છે, આવા દેશોમાં સેવા ક્ષેત્રોમાં રોજગારીમાં સતત વૃદ્ધિ થઈ રહી છે,

(5) સુથાર, ઘક્તર, વકીલ, પ્લમ્બર, રસોઈયા, શિક્ષક વગેરે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.

(6) ગામડાંમાંથી અનેક લોકો શહેરોમાં આવીને અવિધિસરક્ષેત્રોમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં કામ કરવા લાગ્યા છે, પરંતુ તેઓને ઘણું ઓછું વળતર આપવામાં આવે છે.

(7) સેવાઓના વિકસતા મહત્ત્વને ઉત્પાદન અર્થવ્યવસ્થાના ક્ષેત્રમાં એક આગવું વિશિષ્ટ સ્થાન છે. સેવાઓએ નિકાસમાં પણ પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

(8) વિશ્વના મોટા ભાગના દેશોમાં શરૂઆતમાં પ્રાથમિક પ્રવૃત્તિઓ પછી દ્વિતીયક પ્રવૃત્તિઓ અને છેલ્લે તૃતીયક, ચતુર્થક અને પંચમ સેવાપ્રવૃત્તિઓને સ્થાન પ્રાપ્ત થાય છે.

(9) નવા પ્રકારના ઉદ્યોગોનાં માળખામાં જાહેરાત અને બજાર જેવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કેટલીક તૃતીયક પ્રકારની સેવાઓ વિકસી રહી છે.

6. માનવીની તૃતીયક પ્રવૃત્તિમાં સેવાઓનાં મુખ્ય લક્ષણો જણાવો.

➢ માનવીને આપી શકાય તેવી સેવાઓને 'તૃતીયક પ્રકારની સેવાઓ' કહે છે. વિકાસશીલ દેશોમાં પણ ઉત્પાદનક્ષેત્રોની તુલનામાં સેવાક્ષેત્રોનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. આ પ્રકારની સેવાઓનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

(1) આ સેવાઓ સ્વાસ્થ, કલ્યાણ, શિક્ષણ, અવકાશ, મનોરંજન, વ્યાપાર, પરિવહન, દૂરસંચાર અને વાણિજ્ય સાથે સંકળાયેલી છે,

(2) રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે આ સેવા મહત્વની છે.

(3) વાણિજ્યની સેવાઓ કંપનીઓની ઉત્પાદકતા અને ક્ષમતામાં વધારો કરે છે,

(4) જ્યાં વિકસિત અર્થવ્યવસ્થા છે ત્યાં સેવા પર આધારિત પ્રવૃત્તિઓની માંગ વધુ હોય છે, આવા દેશોમાં સેવા ક્ષેત્રોમાં રોજગારીમાં સતત વૃદ્ધિ થઈ રહી છે,

(5) સુથાર, ઘક્તર, વકીલ, પ્લમ્બર, રસોઈયા, શિક્ષક વગેરે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.

(6) ગામડાંમાંથી અનેક લોકો શહેરોમાં આવીને અવિધિસરક્ષેત્રોમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં કામ કરવા લાગ્યા છે, પરંતુ તેઓને ઘણું ઓછું વળતર આપવામાં આવે છે.

(7) સેવાઓના વિકસતા મહત્ત્વને ઉત્પાદન અર્થવ્યવસ્થાના ક્ષેત્રમાં એક આગવું વિશિષ્ટ સ્થાન છે. સેવાઓએ નિકાસમાં પણ પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.
(8) વિશ્વના મોટા ભાગના દેશોમાં શરૂઆતમાં પ્રાથમિક પ્રવૃત્તિઓ પછી દ્વિતીયક પ્રવૃત્તિઓ અને છેલ્લે તૃતીયક, ચતુર્થક અને પંચમ સેવાપ્રવૃત્તિઓને સ્થાન પ્રાપ્ત થાય છે.
(9) નવા પ્રકારના ઉદ્યોગોનાં માળખામાં જાહેરાત અને બજાર જેવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કેટલીક તૃતીયક પ્રકારની સેવાઓ વિકસી રહી છે.